વંચાણમાં લીધા :-

૧) અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક – જા.નં.ના.નિ/૨૦૨૧/૩૧૭૩ થી ૩૧૭૫, તા-૧૭/૧૧/૨૦૨૧

૨) અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક – જા.નં.ના.નિ/૨૦૨૧/૩૩૮૭ થી ૩૩૯૪, તા-૧૭/૧૧/૨૦૨૧

જા.નં.ના.નિ/પો.મે.શિ.વૃ/૨૦૨૧-૨૨/૮૬૨ - ૮૬૮

નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,
સી-૬, બહુમાળી ભવન, નાનપુરા, સુરત
ફોન નં -૦૨૬૧ -૨૪૬૪૪૩૦

તા - ૨/૨/૨૦૨૨

આદેશ :-

વંચાણ (૧) અને (૨)થી સુરત વિસ્તારના અનુસૂચિત જાતિ વર્ગના વર્ષ ૨૦૨૧-૨૨માં શાળા અને કોલેજમાં અભ્યાસ કરતા વિધ્યાર્થીઓની Digital Gujarat portal હેઠળની ઓનલાઇન પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ યોજનાની દરખાસ્તમાં કોલેજ/ શાળાની માન્યતાનો લેટર, તેના આધાર તેમજ ફી રેગ્યુલેટર કમિટીએ સંસ્થાનું જે ફીનું માળખું મંજૂર કરેલ હોય તેના આધાર સાથે દરખાસ્ત ફાઇલો આપવા જણાવેલ છે. જે અન્વયે સરકારી અને ગ્રાંટ ઇન એડ શાળા અને કોલેજોની દરખાસ્ત ફાઇલો મળેલ છે.પરંતુ પ્રાવેટ/ખાનગી શાળાઓ અને કોલેજોએ આમા નિ:રસતા દાખવેલ હોય અને દરખાસ્ત ફાઇલ આજ દિન સુધી મળેલ ન હોય તેથી શિષ્યવૃત્તિ મંજૂર કરવામાં વિલંબ થઇ રહેલ છે. જેથી નીચે મુજબના કેમ્પનુ આયોજન કરવાની ફરજ પડેલ છે. તે મુજબ કેમ્પના દિવસે અત્રેની કચેરીના વંચાણ મુજબના પત્રમાં આપેલ સુચનાઓ ધ્યાને લઇને અનુ.જાતિના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ અંગેની ફાઇલો લઈને સંબંધિત કર્મચારીને કેમ્પના સ્થળે અને સમયે હાજર રાખવા આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે. વધુમાં જણાવવાનું કે આ છેલ્લી અને અંતિમ તક હોય તકેદારી રાખી વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિના લાભથી વંચિત ના રહી જાય. જો કોઇ વિદ્યાર્થી શિષ્યવૃત્તિના લાભથી વંચિત રહેશે તો તમામ જવાબદારી જે તે શાળા અને કોલેજના આચાર્યશ્રીઓની રહેશે જે આપની જાણ સારૂ.

| ક્રમ | કેમ્પ સ્થળ | કેમ્પની તારીખ | સમય |
|---|---|---|---|
| 1 | એચ.એમ.બી. સરદાર હાઇસ્કુલ, રાંદેર રોડ, અડાજણ (એસ.વી.એસ.-૧) | ૦૫/૦૨/૨૦૨૨ | ૧૧ થી ૩ |
| 2 | ગુરૂકુળ કુમાર વિધ્યાપીઠ, કાસાનગર, કતારગામ, (એસ.વી.એસ.-2) | ૦૫/૦૨/૨૦૨૨ | ૧૧ થી ૩ |
| 3 | ટી એંડ ટી.વી. હાઇસ્કુલ, નાનપુરા, અઠવાલાઇંસ (એસ.વી.એસ.-3) | ૦૫/૦૨/૨૦૨૨ | ૧૧ થી ૩ |
| 4 | ગુરૂકૃપા વિધ્યાસંકુલ, ઉધના (એસ.વી.એસ.-4) | ૦૫/૦૨/૨૦૨૨ | ૧૧ થી ૩ |
| 5 | કે. એંડ એમ.પી. હાઇસ્કુલ, અમરોલી (એસ.વી.એસ.-5) | ૦૫/૦૨/૨૦૨૨ | ૧૧ થી ૩ |
| 6 | એમ.એન.જે. હાઇસ્કુલ, વરાછા (એસ.વી.એસ.-6) | ૦૫/૦૨/૨૦૨૨ | ૧૧ થી ૩ |
| 7 | એલ.પી.ડી. હાઇસ્કુલ, પુણાગામ (એસ.વી.એસ.-7) | ૦૫/૦૨/૨૦૨૨ | ૧૧ થી ૩ |
| 8 | મહર્ષી આસ્તિક હાઇસ્કુલ, ગોડાદરા (એસ.વી.એસ.-8) | ૦૫/૦૨/૨૦૨૨ | ૧૧ થી ૩ |
| 9 | સી.બી.ભંડારી હાઇસ્કુલ, મગદલ્લા, ચોર્યાસી, (એસ.વી.એસ.-9) | ૦૫/૦૨/૨૦૨૨ | ૧૧ થી ૩ |

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
સુરત

નકલ સવિનય રવાના :-

૧) જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી, સુરત તરફ જાણ તેમજ વેબ સાઇટ પર મુકવા અને તમામ શાળાઓને સુચના આપવા સારૂ

૨) રજીસ્ટ્રારશ્રી, (તમામ), સુરત જિલ્લાની તમામ યુનિવર્સિટી તરફ જાણ તેમજ વેબ સાઇટ પર મુકવા અને તમામ કોલેજોને સુચના આપવા સારૂ

Scanned with CamScanner

Azadi Ka
Amrit Mahotsav

<u>અગત્યનું</u>

જા.નં./મા-૨/પરચ/૨૦૨૨/૪૭૭૧

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા. ૦૩/૦૨/૨૦૨૨

ઉપરોક્ત તા.૦૨/૦૨/૨૦૨૨ના પત્ર અન્વયે આપની કક્ષાએથી જરૂરી નિયમાનુસારની કાર્યવાહી કરવા સારું...

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ માધ્યમિક અને ઉચ્ચ.માધ્યમિક શાળાઓ,
સુરત, જિ.સુરત